**કાનૂની સેવાના ક્ષેત્રમાં પેરા લીગલ વોલ્યન્ટીયર્સ (P.L.V.) / અધિકાર મિત્ર તરીકે જોડાવાની ઉત્તમ તક ...**

# જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, જિલ્લા અદાલત, દેવભૂમિ દ્વારકા

## –: જાહેર વિજ્ઞપ્તિ :–

### પેરા લીગલ વોલ્યન્ટીયર્સ(P.L.V.) / અધિકાર મિત્ર

(૧) ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદની સુચના અને માર્ગદર્શન મુજબ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દેવભૂમિ દ્વારકા–ખંભાળીયા તથા તાલુકા લેવલે તાલુકા કાનૂની સેવા સમિતિ, ખંભાળીયા, ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા, ઓખા દવારા પેરા લીગલ વોલ્યન્ટીયર્સ (P.L.V.)/અધિકાર મિત્રની માનદ સેવાના ભાગરૂપે પસંદગી કરી જુદા જુદા પ્રકારની લીગલ અવેરનેસ/ટાસ્ક બેઝ એકિટવીટીઝમાં જોડાઈ કાનૂની સેવા/ LEGAL AID ના પ્રચાર – પ્રસાર ના કાર્યમાં જોડાવવાના ભાગરૂપે પી.એલ.વી. બનવા માટે આ જાહેર વિજ્ઞપ્તિ આપવામાં આવેલ છે.

(૨) કાયદાના ક્ષેત્ર સાથે જોડાયેલા હોય કે ન હોય તેવા વ્યકિતઓના પસંદ કરવામાં આવેલ સમુદાયને જરૂરી કાયદાકીય માહિતીઓ આપી, તાલિમ બધ્ધ કરી અને તેવા વ્યકિતઓને પેરા–લીગલ વોલ્યન્ટીયર/અધિકાર મિત્ર તરીકે કાનૂની સેવા સત્તા મંડળ / કાનૂની સેવા સમિતિના માળખા સાથે જોડવામાં આવશે.

(૩) પેરા લીગલ વોલ્યન્ટીયર/અધિકાર મિત્ર તરીકે લીગલ એઈડ, લીગલ અવેરનેસની એકિટવીટીઝ, એકશન પ્લાન મુજબની કાર્યવાહીઓ, નાલસાની જુદી–જુદી સ્કીમોના સંદર્ભમાં કરવામાં આવતી અવેરનેશ તેમજ એમ્પાવરમેન્ટ આધારિત કાર્યવાહીઓ, પોલીસ સ્ટેશન બેઈઝ એકટીવીટીઝ, નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટના આદેશોના અનુસંધાને વડી કચેરી દ્વારા સોપવામાં આવતી સમયમર્યાદા આધારીત કાર્યવાહી કરવાની ટાસ્ક આધારિત કાર્યવાહીઓ કરવાની રહે છે.

(૪) <u>લાયકાત</u> :–
ઈચ્છુક ઉમેદવાર નો ન્યુનતમ અભ્યાસ ધોરણ–૧૦(એસ.એસ.સી.) પાસ હોવો આવશ્યક છે.

(૫) <u>અરજી સાથે જોડવાના આધારો</u> :–
(૧) અભ્યાસ અંગેના સટીર્ફીકેટની સેલ્ફ અટેસ્ટેડ કોપી.
(૨) સરનામા માટે (કોઈપણ એક)ની સેલ્ફ અટેસ્ટેડ કોપી.
(આધારકાર્ડ / ડ્રાઈવીંગ લાઈસન્સ / ચૂંટણીકાર્ડ) અથવા સેલ્ફ ડિકલેરેશન

(૩) તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો એક ફોટો.

(૬) પી.એલ.વી.ને મળવા પાત્ર માનદવેતન :–

પી.એલ.વી.ઓને તેમની કામગીરી અનુસાર **NALSA / GSLSA** ના નિયમોનુસાર માનદ વેતન સિવાય અન્ય કોઈ રકમ પી.એલ.વી.ને મળવાને પાત્ર રહેશે નહી. ફ્રન્ટ ઓફિસમાં ફરજ બજાવતા પી.એલ.વી. ૮ કલાકની કરેલ ઘનીષ્ઠ લીગલ અવેરનેશની કાર્યવાહીઓ કરવા માટે **NALSA / GSLSA** ના નિયમોનુસાર રૂપીયા ૬૦૦/–(અંકે છસો રૂપીયા પુરા) ચુકવવામાં આવશે તેમજ શિબીરો આધારીત લિગલ અવેરનેશ, એમ્પાવરમેન્ટ લગત કાર્યવાહીઓ તેમજ **Empanelment of Para-Legal Volunteers in Police Station For Missing Children and Other Offences Against Children Scheme** અન્વયે પોલીસ સ્ટેશન બેઈઝડ શીફટ આધારીત કાર્યવાહીઓ કરવા વાસ્તે દૈનિક રૂપીયા ૪૦૦/–(અંકે ચારસો રૂપીયા પુરા) વડી કચેરીની સુચના મુજબ માનદ વેતન મળવાને પાત્ર રહેશે. પી.એલ.વી.ને ચુકવવામાં આવતુ માનદ વેતન **DLSA** દ્વારા **PFMS** મારફતે ડાયરેકટ સંબધિત પી.એલ.વી.ના બેંક એકાઉન્ટમાં જમા થશે.

(૭) અરજી કરવાનું સ્થળ :–

આમુખ – ૧ માં જણાવેલ પેરા લીગલ વોલ્યન્ટીયર્સ (રીવાઈઝડ ) સ્કીમ ના પ્રયોજન મુજબ જુદા–જુદા ક્ષેત્રો સાથે જોડાયેલા વ્યકિતઓને પેરા લીગલ વોલ્યન્ટીયર/અધિકાર મિત્ર માટે પસંદગી કરવાની થતી હોઈ આ વિજ્ઞપ્તિથી પેરા–લીગલ વોલ્યન્ટીયર્સ/અધિકાર મિત્ર તરીકે જોડાવા ઈચ્છતા હોય તેવા ઈચ્છુક ઉમેદવારોએ નીચે જણાવેલ નિમ્ન–કરવામાં આવેલ નમુના મુજબ **"અધ્યક્ષશ્રી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, દેવભૂમિ દ્વારકા–ખંભાળીયા** તથા તાલુકા લેવલે અધ્યક્ષશ્રી, તાલુકા કાનૂની સેવા સમિતિ, તાલુકા અદાલત, ખંભાળીયા / ભાણવડ / કલ્યાણપુર / દ્વારકા / ઓખા " ના સરનામા પર તારીખ:–૨૮/૦૭/૨૦૨૫ ના કલાક ૦૫:૩૦ સુધીમાં અરજી કરવાની રહેશે.

**જિલ્લા લેવલે**

**અધ્યક્ષશ્રી,**
**જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરી, જિલ્લા અદાલત,**
**સલાયા રોડ, ખંભાળીયા, દેવભૂમી દ્વારકા.**
**સંપર્ક નંબર : ૦૨૮૩૩ ૨૩૩ ૭૭૫**

**તાલુકા લેવલે**

**ખંભાળીયા**

**અધ્યક્ષશ્રી,**
**તાલુકા કાનૂની સેવા સમિતિ,**
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ,**
**ડિસ્ટ્રીકટ કોર્ટ કેમ્પસ,**
**સલાયા રોડ, ખંભાળીયા.**
**સંપર્ક નંબર : ૦૨૮૩૩ ૨૩૪૧૭૭**

**ભાણવડ**

**અધ્યક્ષશ્રી,**
**તાલુકા કાનૂની સેવા સમિતિ,**
**પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ,**
**ભૂતવડ મંદિરની બાજુમાં,**
**ગાયત્રીનગર, ભાણવડ.**
**સંપર્ક નંબર : ૦૨૮૯૬ ૨૩૨૩૨૫**

**દ્વારકા**

**અધ્યક્ષશ્રી,**
**તાલુકા કાનૂની સેવા સમિતિ,**
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ,**
**એરફોર્સ ગેઈટની સામે, દ્વારકા.**

| કલ્યાણપુર | ઓખા |
|---|---|
| અધ્યક્ષશ્રી,<br>તાલુકા કાનૂની સેવા સમિતિ,<br>પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ,<br>રાવલ હાઈવે,<br>કલ્યાણપુર. | અધ્યક્ષશ્રી,<br>તાલુકા કાનૂની સેવા સમિતિ,<br>પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ,<br>ગાત્રાળ રોડ, કોસ્ટ ગાર્ડ<br>ક્વાર્ટરસની સામે, ઓખા. |

(૮) પેરા લીગલ વોલ્યન્ટીયર/અધિકાર મિત્ર તરીકે પસંદગી થવા માટે નિયત નમુનાનું અરજી ફોર્મ અધ્યક્ષશ્રી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરી, જિલ્લા ન્યાયાલય, સલાયા રોડ, હર્ષદપુર, ખંભાળીયા–દેવભૂમિ દ્વારકા ને રૂબરૂ/બંધ કવરમાં પહોંચાડવી. તાલુકા લેવલે અધ્યક્ષશ્રી, તાલુકા કાનૂની સેવા સમિતિ, તાલુકા અદાલત, ખંભાળીયા, ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા, ઓખાને રૂબરૂ/બંધ કવરમાં પહોંચાડવાની રહેશે.

(૯) માનદ વેતન NALSA / GSLSA ના નિયમોનુસાર મળવાને પાત્ર રહેશે. પી.એલ.વી.ને માનદ વેતન સિવાય અન્ય કોઈ વેતન મળવાને પાત્ર થશે નહી.

(૧૦) પી.એલ.વીના ઉમેદવારોને ઈન્ટરવ્યુની તારીખ, સમય અને સ્થળ બાબતેની જાણ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ખંભાળીયા–દેવભૂમિ દ્વારકા તરફથી ટપાલ / ટેલીફોનીક / ઈ–મેઈલ/વોટસએપ મારફતે અગાઉથી જાણ કરવામાં આવશે.

(૧૧) પી.એલ.વી ની સેવા માનદ સેવાના ભાગરૂપે હોવાથી ઉમેદવારો એ ઈન્ટરવ્યુમાં સ્વ–ખર્ચે આવવાનું રહેશે.

(૧૨) પી.એલ.વી.ની પોસ્ટ કોઈ કાયમી પોસ્ટ નથી/ મુદત આધારિત પોસ્ટ પણ નથી માનદ સેવા આધારિત બાબત હોવાથી પી.એલ.વી. તરીકે કોઈ અધિકાર પ્રાપ્ત થશે નહી.

ACCESS TO JUSTICE FOR ALL

માનનીય અધ્યક્ષ સાહેબશ્રી એસ.વી.વ્યાસ સાહેબશ્રી દ્વારા અપ્રુવ થયેલ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરી, જિલ્લા ન્યાયાલય, દેવભૂમિ દ્વારકા @ ખંભાળીયાના સબમિશન ક્રમાંક નંબર : ૯૩/૨૦૨૫ અન્વયે.
સ્થળ : ખંભાળીયા.
તારીખ:– ૨૬/૦૬/૨૦૨૫

ડી.બી.ગોહિલ
સચિવ,
જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ
દેવભૂમિ દ્વારકા @ ખંભાળીયા.

॥ કાનૂની સેવાના ક્ષેત્રમાં હરહંમેશ આપની સાથે ॥